"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▸ When the worlds sleeps
▸ Our power keeps working
▸ Ensures uninterrupted Performance
▸ 24x7 service
▸ 365 days a year
▸ Because downtime is not an option
▸ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૩૧ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ અગિયારસ, સોમવાર ૧૩ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# પાકિસ્તાનમાં ઈરાન-અમેરિકા મંત્રણા પડી ભાંગી

**૨૧** કલાકની વાટાઘાટો પછી પણ બંને દેશો શાંતિ કરાર કરવામાં નિષ્ફળ

**મંત્રણા** નિષ્ફળ જવા બદલ બંને પક્ષો એકબીજાને દોષિત ઠેરવી રહ્યા છે

**પાકિસ્તાને** કહ્યું કે તે હજી આવી શાંતિ મંત્રણાઓનું આયોજન ચાલુ રાખશે



ઈસ્લામાબાદ, તા. 12(PTI): પાકિસ્તાનમાં યોજાયેલી 21 કલાકની ઐતિહાસિક મંત્રણામાં અમેરિકા અને ઈરાન શાંતિ કરાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. આ નિષ્ફળતાને કારણે બે સપ્તાહના નાજુક યુદ્ધવિરામનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે, અને બંને પક્ષો વાટાઘાટો નિષ્ફળ જવા માટે એકબીજાને જવાબદાર ઠેરવી રહ્યા છે.

ઈસ્લામાબાદમાં વાટાઘાટોમાં અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનાર ઉપપ્રમુખ જેડી વેન્સે જણાવ્યું હતું કે, અમેરિકાએ તેની અંતિમ અને શ્રેષ્ઠ ઓફર રજૂ કરી હોવા છતાં ઈરાની પક્ષે યુદ્ધ સમાપ્ત કરવાની વોશિંગ્ટનની શરતો સ્વીકારી નથી. તેમણે સંકેત આપ્યો હતો કે તેહરાનનો તેના પરમાણુ કાર્યક્રમ છોડવાનો ઈનકાર એ મડાગાંઠનું મુખ્ય કારણ હતું. ઈરાની ટીમનું નેતૃત્વ કરી રહેલા ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફે કહ્યું કે હવે અમેરિકાએ નક્કી કરવાનું છે કે તે અમારો વિશ્વાસ જીતી શકે છે કે નહીં. ઈરાનના વિદેશ મંત્રાલયે વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે અમેરિકાએ અતિશય અને ગેરકાયદે માંગણીઓ કરી હતી. કોઈ સમજૂતી ન થવાને કારણે વૈશ્વિક ઉર્જા બજારને સ્થિર કરવા માટે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને ફરીથી ખોલવાની શક્યતા ઓછી થઈ ગઈ છે. તે હજુ સ્પષ્ટ નથી કે અમેરિકા ઈરાન સામે સૈન્ય કાર્યવાહી ફરી શરૂ કરશે કે નહીં. વેન્સે પાકિસ્તાનની રાજધાનીથી રવાના થતા પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં

અનુસંધાન પાના ૨ પર ➲

## હિન્દી ફિલ્મોના પ્લેબેક સિંગિંગમાં એક યુગનો અંત

# પીઢ પાર્શ્વગાયિકા આશા ભોંસલેનું નિધન



**છાતીમાં** ચેપ સહિત વિવિધ સમસ્યાઓ પછી 92 વર્ષની વયે ફાની દુનિયાને અલવિદા કરી

**આજે** 11થી 3 અંતિમ દર્શન અને સાંજે મુંબઇના શિવાજી પાર્ક ખાતે અંતિમ સંસ્કાર

મુંબઈ, તા. ૧૨: આશા ભોંસલે, જેઓ માત્ર પોતાના મોટા બહેન અને દિગ્ગજ ગાયિકા લતા મંગેશકરની મહાનતાના પડછાયામાં ટકી જ ન રહ્યા પરંતુ તેમાંથી બહાર નીકળીને પોતાના અનોખા અવાજ દ્વારા હિન્દી પાશ્વ ગાયકીમાં પોતાનું એક આગવું વિશ્વ રચ્યું, તેમનું રવિવારે નિધન થયું છે. તેઓ ૯૨ વર્ષના હતા.

મંગેશકર બહેનોમાંની એક અને જેમની ગીતોની વૈવિધ્યતા તેમની બહેન કરતાં પણ બેજોડ હતી, તેવા આશાજીને છાતીમાં ચેપ અને થાકને કારણે શનિવારે સાંજે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. છાતીમાં ચેપની સાથે તેમના શરીરના મહત્વના અંગો કામ કરતા બંધ થવા માંડ્યા હોવાનું જાણવા મળ્યું હતું. તેમની પૌત્રી ઝનાઇ ભોંસલેએ પોતાના

અનુસંધાન પાના ૨ પર ➲

### 'હું મોક્ષ પ્રાપ્ત કરીશ': નિધન બાદ વાયરલ થઈ આશા ભોંસલેની છેલ્લી પોસ્ટ

મુંબઈ, 12 : સૂરોની મલ્લિકા અને દિગ્ગજ ગાયિકા આશા ભોંસલેના નિધન બાદ તેમની છેલ્લી પોસ્ટ વાયરલ થઈ રહી છે, જે તેમણે ઇન્સ્ટાગ્રામ પર 18 માર્ચે કરી હતી. આ પોસ્ટમાં તેમણે પોતાના ગીત 'ધ શેડોઈ લાઇટ'ની સાથે-સાથે જીવન અને મોક્ષ વિશે લખ્યું હતું. છેલ્લી પોસ્ટમાં આશા ભોંસલે ઇન્ટરનેશનલ બેન્ડ 'ગોરિલાઝ' સાથે જોવા મળ્યા હતા. તસવીરના બેકગ્રાઉન્ડમાં ભારતીય મહોલ્લા, હાથી અને તૂટેલી-ફૂટેલી વસ્તુઓ દેખાઈ રહી છે. તો બીજી તરફ, તેના કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે, "ગીત 'ધ શેડોઈ લાઇટ' મારા માટે ખૂબ જ ઊંડો અર્થ ધરાવે છે. વારાણસી જઈને અને સૌથી પવિત્ર નદી ગંગાના કિનારે યાત્રા કરતા સમયે જે કંઈ મેં જોયું તેને નજીકથી સમજવા પર મને જીવનનો અર્થ સમજાયો. હું કોણ છું અને આ પૃથ્વી પર મારે શું કરવાનું છે."

તેની આગળ તેમણે લખ્યું હતું કે, "'ધ શેડોઈ લાઇટ'માં આ ઊંડી નદીને પાર કરવી એ મારા જીવનની જર્નીનું પ્રતીક છે. મારો જન્મ, મારા સંબંધો, સંગીત પ્રત્યે મારી સાધના, મારી સિદ્ધિઓ અને એક દીકરી, માતા, બહેન, પત્ની અને એક હિન્દુ ભારતીય તરીકે મારી ફરજો. આ જર્નીમાં નાવિક મારું સંગીત છે, જે મને જીવનની આ નદીને પાર કરાવનાર મારો માર્ગદર્શક છે. જ્યારે હું બીજા કિનારે પહોંચીશ, ત્યારે મારી યાત્રા પૂર્ણ થઈ જશે. હું મોક્ષ પ્રાપ્ત કરીશ, જ્યાં હું એ હજારો ધ્વનિઓમાં એક થઈ જઈશ જે આપણી આસપાસ દરેક સમયે તરતી રહે છે."



### આશા ભોંસલે અને લતા મંગેશકરના મૃત્યુમાં એક ગજબનો સંયોગ !

મુંબઈ, તા. 12 : ભારતીય સિનેમાના સૌથી બહુમુખી અને પ્રિય ગાયિકાઓમાંના એક આશા ભોંસલેનું રવિવારે મુંબઈમાં 92 વર્ષની વયે નિધન થયું છે. લતા મંગેશકર તેમના મોટા બહેન હતાં, જેમનું નિધન 2022માં થયું હતું. પરંતુ બંને બહેનોના નિધન સાથે

અનુસંધાન પાના ૨ પર ➲

# હોર્મુઝની સામુદ્રધૂનિની નાકાબંધી કરવા નૌકાદળને ટ્રમ્પનો આદેશ

**ઇરાનને** ટોલ ચુકવતા જહાજોને અમેરિકી નૌકાદળ અટકાવશે

વોશિંગ્ટન, તા. ૧૨: ચર્ચાઓ નિષ્ફળ ગયાના ગણતરીના કલાકોમાં જ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઈરાન સાથેની વાટાઘાટો નિષ્ફળ રહી છે કારણ કે ઈરાન તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓ છોડવા તૈયાર નથી.

ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝની સામુદ્રધૂની જે એક મહત્વપૂર્ણ શિપિંગ માર્ગ છે અને વિશ્વના અંદાજે 20 ટકા તેલ અને એલએનજીના વ્યાપારને સંભાળે છે–ત્યાંથી પસાર થવા માટે જો કોઈ પણ જહાજ ઈરાનને ટોલ ચૂકવતું માલૂમ પડશે, તો અમેરિકી નૌકાદળ આંતરરાષ્ટ્રીય જળસીમામાં તેવા જહાજોને



સક્રિયપણે અટકાવશે. એક અહેવાલ પ્રમાણે ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધૂનિ બંધ કરવા અને તેમાં પ્રવેશતા અને બહાર નિકળતા જહાજોને અટકાવવા અમેરિકી નૌકાદળને આદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, 'તાત્કાલિક અસરથી, યુનાઇટેડ સ્ટેટ્સ નેવી હોર્મુઝની સામુદ્રધુનીમાં પ્રવેશવાનો અથવા ત્યાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતા તમામ જહાજોની નાકાબંધી કરવાની પ્રક્રિયા શરૂ કરશે.' તેમણે એવો દાવો પણ કર્યો હતો કે ઈરાન આ જળમાર્ગને

અનુસંધાન પાના ૨ પર ➲

## આજે પીએમ મોદી મહિલા સંમેલનને સંબોધશે

નવી દિલ્હી, તા. 12 (PTI): સંસદની બેઠક પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે અહીં રાષ્ટ્રીય સ્તરના મહિલા સંમેલનમાં હાજરી આપશે, જે દરમિયાન મહિલા અનામત કાયદામાં સૂચિત સુધારાઓ વિચારણા અને પસાર કરવા માટે લાવવામાં આવે તેવી શક્યતા છે.

સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતની વિકાસયાત્રાને આકાર આપવામાં મહિલાઓની વધુ ભાગીદારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરવા માટે 'નારી શક્તિ વંદન સંમેલન'નું આયોજન કરવામાં

અનુસંધાન પાના ૨ પર ➲

## અમરનાથ યાત્રા 3 જુલાઈથી, 15 એપ્રિલથી રજિસ્ટ્રેશન ખુલશે

જમ્મુ, તા. 12 (PTI): દક્ષિણ કાશ્મીરમાં અમરનાથની પવિત્ર ગુફાની વાર્ષિક તીર્થયાત્રા 3 જુલાઈથી શરૂ થશે અને 57 દિવસ પછી 28 ઓગસ્ટે પૂર્ણ થશે. એમ લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ રવિવારે જણાવ્યું હતું.

13થી 70 વર્ષની વયના શ્રદ્ધાળુઓ આ યાત્રા કરી શકશે અને તેનું રજિસ્ટ્રેશન 15 એપ્રિલથી શરૂ થશે. તેમ એલજીએ અહીં લોક ભવનમાં પત્રકારોને જણાવ્યું હતું.

યાત્રાની તારીખો સિન્હાની અધ્યક્ષતામાં મળેલી અમરનાથ જી શ્રાઈન બોર્ડ (એસએએસબી)ની બેઠકમાં નક્કી કરવામાં આવી હતી.

એલજીએ જણાવ્યું હતું કે, "અમરનાથ યાત્રા 3 જુલાઈથી શરૂ થશે અને 28 ઓગસ્ટે પૂરી થશે.

અનુસંધાન પાના ૨ પર ➲

તા. ૧૨-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૪° સે. | ૨૩.૬° સે. | ૨૨% |

## પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે ભારતે 5-કિલો એલપીજી પુરવઠો વધાર્યો

**પીએનજી** કનેક્શન આપવાની ઝડપ પણ વધારી દેવામાં આવી

નવી દિલ્હી, તા. 12 (PTI) પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે સર્જાયેલા અવરોધો વચ્ચે ઈંધણની ઉપલબ્ધતાનું સંચાલન કરતા ભારતે નાના 5-કિલોના એલપીજી સિલિન્ડરના પુરવઠામાં વધારો કર્યો છે અને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) કનેક્શન આપવાની ગતિ તેજ કરી છે.

સત્તાવાર નિવેદન અનુસાર, સત્તાવાળાઓ સ્થળાંતરિત કામદારો અને ઓછી આવક ધરાવતા ગ્રાહકો માટે પહોંચ વધારી રહ્યા હોવાથી 23 માર્ચથી અત્યાર સુધીમાં 13 લાખથી વધુ 5-કિલોના ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડરો વેચાયા છે, જેમાં દૈનિક વેચાણ 1લાખ યુનિટથી ઉપર પહોંચ્યું છે.

તેની સાથે જ, માર્ચથી અત્યાર સુધીમાં 424,000થી વધુ નવા પીએનજી કનેક્શન્સ સક્રિય કરવામાં આવ્યા છે, જેમાં 30,000 થી વધુ ગ્રાહકોએ પરિવર્તનના ભાગરૂપે એલપીજી કનેક્શન સરેન્ડર કર્યા છે.

પશ્ચિમ એશિયામાં છ અઠવાડિયા સુધી ચાલેલા યુદ્ધે વૈશ્વિક ઊર્જા પુરવઠાને ખોરવી નાખ્યો છે. ભારત તેના અડધા ક્રૂડ ઓઈલ, 40 ટકા ગેસ અને 85-90 ટકા એલપીજીની આયાત માટે આ પ્રદેશ પર નિર્ભર હોવાથી તેની પર પણ અસર પડી હતી.

જ્યારે અન્ય પ્રદેશોમાંથી સ્ત્રોત મેળવીને ક્રૂડ ઓઈલની અછતને સરભર કરવામાં સફળતા મળી છે, પરંતુ એલપીજી પુરવઠાને

અનુસંધાન પાના ૨ પર ➲

# મહિલા અનામત ૨૦૨૯ સુધીમાં અમલી બની જાય તે મહત્વનું : મોદી

**વડાપ્રધાને** લોકસભા, રાજ્યસભાના ફ્લોર લીડરોને પત્ર લખ્યો

**મહિલા** અનામત ખરડો સર્વાનુમતે પસાર કરવામાં સહકાર આપવા વિનંતી કરી

નવી દિલ્હી, તા. ૧૨(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ૨૦૨૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજાય તે આવશ્યક છે. તેમણે તમામ રાજકીય પક્ષોને મહિલા અનામત કાયદામાં સુધારા પસાર કરવા માટે એક અવાજે સાથે આવવા અપીલ કરી છે.

સંસદના ત્રણ દિવસીય વિશેષ સત્ર પૂર્વે લોકસભા અને રાજ્યસભાના ગૃહના નેતાઓને લખેલા પત્રમાં મોદીએ એમ પણ કહ્યું હતું કે, કોઈપણ સમાજ ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે મહિલાઓને પ્રગતિ કરવાની, નિર્ણય લેવાની અને વધુ મહત્ત્વની વાત એ છે કે નેતૃત્વ કરવાની તક મળે. તેમણે કહ્યું કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને સાકાર કરવા માટે એ જરૂરી

અનુસંધાન પાના ૨ પર ➲

### મતક્ષેત્રોના ફેરસીમાંકનની ચર્ચા કરવા સર્વપક્ષીય બેઠક બોલાવો: ખડગે

**આ** મુદ્દાની ચર્ચા વિના મહિલા અનામત ખરડાની ચર્ચા કરવી અશક્ય હશે

નવી દિલ્હી, ૧૨ એપ્રિલ (PTI): કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જણાવ્યું છે કે સીમાંકન અને અન્ય પાસાઓની વિગતો વિના મહિલા અનામત કાયદા પર કોઈ પણ ઉપયોગી ચર્ચા કરવી અશક્ય હશે. તેમણે માંગ કરી છે કે ૨૯ એપ્રિલે વર્તમાન રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આ બાબતે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે. વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં ખરગેએ જણાવ્યું હતું કે, રાજ્યની ચૂંટણીઓ વચ્ચે સંસદનું વિશેષ સત્ર બોલાવવું એ એ વાતને પુષ્ટિ આપે છે કે સરકાર રાજકીય ફાયદા માટે મહિલા અનામત કાયદાના અમલીકરણમાં ઉતાવળ કરી રહી છે. ખડગેએ ફરીથી એ માંગણી દોહરાવી છે કે ફેરસીમાંકનના મુદ્દા પર ચર્ચા કરવા માટે ૨૯ એપ્રિલ પછી સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે, જેને 'નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩' ના સુધારા સાથે જોડવામાં આવી રહ્યો છે.

## કંગાળ પાકિસ્તાનને સાઉદી, કતાર પાંચ અબજ ડોલરની સહાય આપશે

**આ** મહિને પાકિસ્તાને UAEને 3.5 અબજ ડોલર ચુકવવાના છે અને તેના ફોરેક્સ રિઝર્વ પર ભારે દબાણ છે

ઈસ્લામાબાદ, તા. 12(PTI): આર્થિક સંકડામણનો સામનો કરી રહેલું પાકિસ્તાન સાઉદી અરેબિયા અને કતાર પાસેથી 5 અબજ અમેરિકી ડોલરની નાણાકીય સહાય મેળવવા જઈ રહ્યું છે, જે રવિવારના એક મીડિયા અહેવાલ મુજબ તેની નાજુક બાહ્ય સ્થિતિ માટે નિર્ણાયક ટેકો પૂરો પાડશે.

આ અપેક્ષિત પ્રવાહ એવા મહત્વના વળાંક પર આવી રહ્યો છે જ્યારે ઈસ્લામાબાદ આ મહિને સંયુક્ત આરબ અમીરાત(UAE) ને 3.5 અબજ ડોલરની ચુકવણી કરવાની તૈયારી કરી રહ્યું છે અને તેના વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણનો સામનો કરી રહ્યું છે, તેમ 'ડોન' અખબારે જણાવ્યું હતું. નાણા મંત્રાલયના સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાનના નબળા વિદેશી ભંડાર પરના દબાણને ટાળવા માટે સાઉદી અરેબિયા અને કતાર 5 અબજ ડોલરની નાણાકીય સહાય પૂરી પાડશે.

આ ઘટનાવિકાસ એવા સમયે થયો છે જ્યારે નાણા પ્રધાન મુહમ્મદ ઔરંગઝેબ IMF-વર્લ્ડ બેંકની સ્પ્રિંગ મીટિંગમાં ભાગ લેવા અને પાકિસ્તાનની આર્થિક મુત્સદ્દીગીરીને આગળ વધારવા વોશિંગ્ટનની મુલાકાતે છે. ઔરંગઝેબ 13 થી 18 એપ્રિલ દરમિયાન નિર્ધારિત બેઠકોમાં ભાગ લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ(IMF) અને વિશ્વ બેંકના વરિષ્ઠ અધિકારીઓ સાથે

અનુસંધાન પાના ૨ પર ➲

# અરૂણાચલના વિસ્તારોને ચીની નામો આપવાના ચીનના પગલાને ભારતે ફગાવ્યું

**આવા** પાયાવિહોણા દાવાઓથી એ હકીકત બદલાશે નહીં કે અરૂણાચલ પ્રદેશ એ ભારતનો અભિન્ન હિસ્સો છે

**ચીનના** આવા કૃત્યો સંબંધો સામાન્ય બનાવવાના પ્રયાસોને અવરોધે છે

નવી દિલ્હી, તા. ૧૨(PTI): અરુણાચલ પ્રદેશમાં કેટલીક જગ્યાઓના નામ બદલવાના ચીનના પગલાને ભારતે રવિવારે સ્પષ્ટપણે ફગાવી દીધું હતું. ભારતે જણાવ્યું હતું કે આવા દાવાઓ અને પાયાવિહોણા નિવેદનો ઊભા કરવાના પ્રયાસો એ નકારી ન શકાય તેવી વાસ્તવિકતાને બદલી શકતા નથી કે આ સ્થાનો ભારતીય પ્રદેશોનો હિસ્સો છે.

ભારતે કહ્યું કે ચીને એવા કાર્યોથી બચવું જોઈએ જે સંબંધોમાં નકારાત્મકતા પેદા કરે અને બહેતર સમજણ ઊભી કરવાના પ્રયાસોને નુકસાન પહોંચાડે. બેઈજિંગ દ્વારા અરુણાચલ પ્રદેશના અનેક સ્થળો માટે ચીની નામોની જાહેરાત કરવામાં આવ્યા બાદ નવી દિલ્હીની આ પ્રતિક્રિયા આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારતીય પ્રદેશના એવા સ્થળોને કાલ્પનિક નામ આપવાના ચીની પક્ષના કોઈપણ તોફાની પ્રયાસોને સ્પષ્ટપણે ફગાવી દે છે જે ભારતનો અભિન્ન હિસ્સો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ખોટા દાવાઓ રજૂ કરવા અને પાયાવિહોણી કથાઓ ઘડવાના ચીનના આવા પ્રયાસો એ નિર્વિવાદ સત્યને બદલી શકતા નથી કે અરુણાચલ પ્રદેશ સહિતના આ સ્થાનો અને પ્રદેશો ભારતનો અભિન્ન અને અતૂટ ભાગ હતા, છે અને હંમેશા રહેશે.

જયસ્વાલે જણાવ્યું હતું કે ચીની પક્ષ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોને સ્થિર અને સામાન્ય બનાવવાના ચાલી

અનુસંધાન પાના ૨ પર ➲

# ત્રાસવાદીઓ માટે બનાવટી દસ્તાવેજો બનાવવાનું દેશવ્યાપી કૌભાંડ પકડાયું

**બનાવટી** પાન કાર્ડ-આધાર કાર્ડ, બનાવટી પાસપોર્ટ સહિતના નકલી દસ્તાવેજો આતંકવાદીઓને બનાવો અપાતા હતા

**લશ્કરે** તૈયબા આ માટે આંતરરાજ્ય નેટવર્ક ચલાવતું હતું, પાંચની ધરપકડ, ત્રણ રાજ્યોમાંથી અનેકની અટકાયત

શ્રીનગર/નવી દિલ્હી, તા. 12(PTI): લશ્કર-એ-તૈયબા (LeT) આતંકવાદી સંગઠનના આંતર-રાજ્ય નેટવર્ક પર તેની કાર્યવાહી તેજ કરતા, જમ્મુ-કાશ્મીર પોલીસે કેન્દ્રીય ગુપ્તચર સંસ્થાઓના સંકલન સાથે હરિયાણા અને રાજસ્થાનમાંથી કેટલાંક લોકોની અટકાયત કરી છે. આ લોકો પર આતંકવાદીઓને પાસપોર્ટ સહિતની નકલી ઓળખ ઉભી કરવામાં મદદ કરવાનો આરોપ છે.

અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે, અટકાયત કરાયેલ વ્યક્તિઓએ આતંકવાદીઓને આધાર કાર્ડ, પાન કાર્ડ અને વોટર આઈડી જેવા દસ્તાવેજો બનાવી આપીને મહત્વપૂર્ણ લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ તપાસનું નેતૃત્વ શ્રીનગર પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે તમામ ગુપ્ત માહિતી એકઠી કરી હતી. જોકે, ઓપરેશનનું સ્તર અને

અનુસંધાન પાના ૨ પર ➲